ક્રમાંકઃજીસીવીટી–ટી.૬–૨૦૦૮– ૯૮૮
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીગ,
બ્લોક નં. ૮ ,ત્રીજો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર–૩૮૨૦૧૦
તારીખ : ૭ –૧૦–૨૦૦૮

**// પરીપત્ર //**

આ કચેરીનાં તા. ૨૨–૫–૨૦૦૭નાં પરીપત્રમાં તાલીમાર્થી તરફથી રજુ કરવામાં આવેલ ટ્રાન્સ્ક્રીપ્ટ સંસ્થાના રેકર્ડ સાથે ચકાસણી કરી દરખાસ્ત કરવા જણાવેલ છે તેમ છતાં કેટલીક સંસ્થા / કચેરી મારફત અધુરી વિગતો મોકલતાં અત્રેથી બિનજરૂરી પત્રવ્યવહાર થાય છે.જેના કારણે તાલીમાર્થીઓને પણ મુશ્કેલી પડે છે. જે તાલીમાર્થીઓએ જે ટ્રેડમાં પરીક્ષા આપી હોય તે ટ્રેડ અથવા ડી.જી.ઈ.ટી. ધ્વારા જે તે તાલીમના સમયગાળાને પાછળની અસરથી એફીલીએશનની મંજુરી આપેલ હોય અને મંજુર યુનીટ સામે પાસ થયેલા તાલીમાર્થીઓની સંખ્યા ધ્યાને લેતા અસલ રાષ્ટ્રીય વ્યવસાય પ્રમાણપત્ર મળવાપાત્ર થાય છે કે કેમ? તેનો રેકર્ડ પણ સંસ્થા ખાતે જ હોય છે.આથી ઉપરોકત વિગતે અસલ રાષ્ટ્રીય વ્યવસાય પ્રમાણપત્ર મળવાપાત્ર હોય તેવા જ તાલીમાર્થીઓની દરખાસ્ત કરવા જણાવવામાં આવે છે. આ સિવાય અન્ય કોઈ બાબત ધ્યાને લેવાની રહેતી નથી. જે ધ્યાને લઈ અન્ય તમામ કેસોમાં સંસ્થા ખાતેથી જ જરૂરી જાણ તાલીમાર્થીને કરવાની રહે છે.

સંસ્થાના તાલીમાર્થીઓની ટ્રાન્સ્ક્રીપ્ટ તથા માર્કશીટ/અસલ પ્રમાણપત્ર આ કચેરી ખાતે મોકલતાં પહેલા ઉપરની વિગતો ચકાસીને જ અત્રે દરખાસ્ત કરવા સંબંધિતને સુચના આપવા વિનંતી છે.

સંસ્થામાં પાસ થયેલા તાલીમાર્થીઓ પૈકી વિદેશ જવા માંગતા તાલીમાર્થીઓ તરફથી તેઓએ અત્રેથી આપવામાં આવેલ માર્કશીટ અને અથવા અસલ રાષ્ટ્રીય વ્યવસાય પ્રમાણપત્ર 'પ્રમાણિત કરાવી 'ને સંબંધિત એલચી કચેરીમાં રજુ કરવાનું હોય છે.

તાલીમાર્થી તેઓને આપવામાં આવેલ માર્કશીટ / અસલ પ્રમાણપત્ર 'પ્રમાણિત' કરાવવા માટે સીધા આ કચેરી ખાતે રૂબરૂમાં આવે છે. આથી તમામ સંસ્થાના વડાઓને જણાવવાનું કે તેઓની સંસ્થા ખાતેથી પાસ થયેલા તાલીમાર્થીઓ માર્કશીટ / અસલ પ્રમાણપત્ર 'પ્રમાણિત 'કરાવવા આવે ત્યારે સંસ્થા ખાતેનાં રેકર્ડ સાથે ચકાસણી કરી, ચકાસણી કર્યા બાબતની દરખાસ્ત , તાલીમાર્થીએ રજુ કરેલ અસલ પ્રમાણપત્રો સાથે આ કચેરીને વિના વિલંબે મોકલી આપવા જણાવવામાં આવે છે.

નાયબ નિયંત્રક(પરીક્ષા)
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીગ,
ગાંધીનગર

પ્રતિ,
તમામ આઈ.ટી.આઈ./ગ્રાન્ટ–ઈન–એઈડ / સરકારી ટેક.હાઈ. નાં વડાઓ તરફ જાણ તથા અમલ સારૂ.
નકલ રવાના :
નાયબ નિયામકશ્રી(તાલીમ),પ્રાદેશિક કચેરી,અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત તરફ જાણ સારૂ.